# સખત ગરમીને કારણે ફ્રાન્સમાં મૃત્યુઆંકમાં મોટો વધારો





**ગત** સપ્તાહમાં સામાન્ય કરતા સેંકડો વધારે મોત નોંધાયા, મૃતકોમાં મોટે ભાગે વયોવૃદ્ધો

**જર્મનીમાં** દાવાનળ ફાટી નિકળ્યો, ડેન્માર્કમાં સખત ગરમી પછી વાવાઝોડું

બર્લિન, જૂન ૨૮ (એપી): ફ્રાન્સમાં ગયા સપ્તાહે રેકોર્ડ તોડનાર હીટવેવ દરમિયાન આશરે ૧,૦૦૦ વધારાના મોત નોંધાયા હોવાનું દેશની પબ્લિક હેલ્થ એજન્સીએ રવિવારે જણાવ્યું હતું. બીજી તરફ, યુરોપના અન્ય ભાગોમાં પણ લોકો સતત વધી રહેલા તાપમાનનો સામનો કરી રહ્યા છે, જેના કારણે જર્મનીમાં જંગલોમાં આગ ફાટી નીકળી હતી અને ભીડને ઠંડક આપવા માટે બર્લિન પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો.

જર્મનીના પૂર્વીય સેક્સોનીમાં આવેલા કુબશુટ્ઝમાં રવિવારે રાત્રિના તાપમાનનો નવો રેકોર્ડ નોંધાયો હતો, જ્યાં તાપમાન ૨૯.૪ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું ન હતું. જર્મન વેધર સર્વિસના પ્રારંભિક ડેટા અનુસાર, રાત્રિના તાપમાનનો આ રેકોર્ડ સેક્સોની-અનહાલ્ટના મોકન-ડ્રેવિટ્ઝમાં નોંધાયેલા ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસના દિવસના રેકોર્ડના થોડા જ કલાકો બાદ સામે આવ્યો હતો. આ અગાઉનો રેકોર્ડ માત્ર એક દિવસ પહેલા જ બન્યો હતો. યુરોપ સ્થિત વૈજ્ઞાનિકોના સામૂહિક સંગઠન 'વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન'ના શુક્રવારના એક નવા અભ્યાસમાં જણાવાયું છે કે, આ સપ્તાહે યુરોપમાં જોવા મળેલી રેકોર્ડબ્રેક ગરમી અને ભેજનું પ્રમાણ ક્લાયમેટ ચેન્જ વિના અશક્ય હતું.

ફ્રાન્સમાં ગયા સપ્તાહે રેકોર્ડબ્રેક ગરમીના કારણે મોતના આંકડામાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં ખાસ કરીને પેરિસ વિસ્તારમાં ખાનગી ઘરોમાંથી તબીબી સહાય માટેના ફોન કોલ્સમાં તીવ્ર વધારો થયો હોવાનું રાષ્ટ્રીય જાહેર આરોગ્ય એજન્સીએ રવિવારે જણાવ્યું હતું.

પબ્લિક હેલ્થ ફ્રાન્સે જણાવ્યું કે બુધવારે, જ્યારે ફ્રાન્સ અત્યાર સુધીના સૌથી વધુ તાપમાનમાં શેકાઈ રહ્યું હતું, ત્યારે ૧,૨૦૦ થી વધુ લોકોના મોત થયા હતા, જે પછીના બે દિવસમાં વધીને દરરોજ ૧,૪૦૦ થી વધુ થઈ ગયા હતા. એજન્સીએ જણાવ્યું કે મૃત્યુ પામેલા લોકોમાંથી ૮૫ ટકા લોકો ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના હતા. પૂર્વીય જર્મનીના ગોહરિશહેઇડમાં એક વિશાળ જંગલમાં આગ ફાટી નીકળી હતી, જે હજુ પણ બીજા વિશ્વયુદ્ધના દારૂગોળાથી દૂષિત છે. આ કારણોસર આગ ઓલવવાનું કામ ફાયર ફાઇટરો માટે વધુ જોખમી અને જટિલ બન્યું હતું. જ્યારે ડેન્માર્કમાં સખત ગરમી પછી વાવાઝોડું આવ્યું હતું.

### લોકોને ઠંડક આપવા બર્લિન પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો

જર્મનીની રાજધાનીની પોલીસે પરેશાન બર્લિનવાસીઓ અને પ્રવાસીઓની મદદ માટે એક અનોખો રસ્તો શોધી કાઢ્યો. તેમણે સામાન્ય રીતે તોફાની પ્રદર્શનકારીઓને વિખેરવા માટે વપરાતી બે વિશાળ વોટર કેનન(પાણી તોપ) શહેરના ઐતિહાસિક બ્રાન્ડેનબર્ગ ગેટ સામે ગોઠવી દીધી અને આનંદિત થઈ રહેલી ભીડ પર ઠંડા પાણીનો છંટકાવ કર્યો.

## પેજ 3

### 'પતિથી સેક્સ્યુઅલી સેટિસ્ફાઇડ નથી તો છૂટાછેડા લઈ શકે છે પત્ની' : આકાંક્ષા ચમોલા



મુંબઈ, તા. 28 : 'લોક અપ- 2'માં એન્ટર થતાંની સાથે જ અભિનેત્રી આકાંક્ષા ચમોલાએ અભિનેતા ગૌરવ ખન્ના સાથે પોતાના છૂટાછેડાની જાહેરાત કરીને દરેકને ચોંકાવી દીધા છે. આકાંક્ષાએ જણાવ્યું કે, એક વર્ષથી તે અને ગૌરવ ખન્ના એકબીજાથી અલગ રહી રહ્યા છે. છૂટાછેડા વિશે વાત કરતાં આકાંક્ષાએ જણાવ્યું કે, સ્ત્રી માટે કયા કારણો હોઈ શકે છે. આકાંક્ષાએ કહ્યું હતું કે, ''સ્ત્રી જો પતિથી સેટિસ્ફાય નથી તો તે છૂટાછેડા લઈ શકે છે, તે અલગ રહી શકે છે. એમાં કોઈ ખોટું નથી.'' લોકોએ આના પર પ્રતિક્રિયા આપી છે અને આકાંક્ષાને ખૂબ જ ખરી-ખોટી સંભળાવી છે.

### લાપતા લેડિઝના અભિનેતા સત્યેન્દ્ર સોનીનો ફિલ્મ-નિર્માતા પર હુમલાનો આરોપ



મુંબઈ, તા. 28 : 'લાપતા લેડીઝ'માં પોતાની ભૂમિકા માટે જાણીતા અભિનેતા સતેન્દ્ર સોનીએ મધ્ય પ્રદેશમાં એક ફિલ્મના શૂટિંગ દરમિયાન બાકી મહેનતાણા અંગેના વિવાદ બાદ એક ફિલ્મ-નિર્માતા પર તેમની સાથે મારપીટ કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે. ઇન્સ્ટાગ્રામ પર એક ભાવુક વીડિયો શેર કરતાં અભિનેતાએ દાવો કર્યો હતો કે, તેમના બાકી પૈસા માંગ્યા બાદ તેમને સેટ છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે પરિસ્થિતિ શારીરિક હિંસા સુધી પહોંચી ગઈ હતી. સોનીએ એક પરેશાન કરી મૂકે તેવો વીડિયો શેર કર્યો છે જેમાં તેમણે આરોપ લગાવ્યો છે કે આઠ દિવસનું શૂટિંગ પૂરું કર્યા પછી પણ તેમને પેમેન્ટ આપવામાં આવ્યું ન હતું.

## ઓસ્ટ્રેલિયામાં ભારતીય દાદાની હિંમતભરી 18,000 ફૂટેથી સ્કાયડાઇવ





**ભારતીય** વ્યક્તિનો પોતાના દાદા સાથે 18,000 ફૂટેથી સ્કાઇ ડાઇવિંગનો વીડિયો વાયરલ બન્યો

સિડની, તા. 28 : એક ભારતીય વ્યક્તિનો તેના દાદાનો ઓસ્ટ્રેલિયામાં ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈએથી સ્કાયડાઈવિંગ કરવાનો વીડિયો વાયરલ થયો છે, જેમાં સોશિયલ મીડિયા યુઝર્સ આ વૃદ્ધ વ્યક્તિની હિંમત, ઉત્સાહ અને જબરદસ્ત જુસ્સાની પ્રશંસા કરી રહ્યા છે. આ વીડિયો અંકિત દ્વારા શેર કરવામાં આવ્યો હતો, જેણે ખુલાસો કર્યો હતો કે, આ તેના દાદાની પહેલી સ્કાયડાઈવ નહોતી. તેમણે અગાઉ ૧૫,૦૦૦ ફૂટની ઊંચાઈએથી છલાંગ લગાવી હતી, પરંતુ આ વખતે આ જોડીએ ઓસ્ટ્રેલિયામાં ૧૮,૦૦૦ ફૂટની છલાંગ લગાવીને કંઈક અલગ કરવાનું નક્કી કર્યું.

વીડિયોની શરૂઆતમાં અંકિત સાહસનો પરિચય કરાવતા કહે છે, "તો ભાઈ, અભી હમ અપને બાબાજી કો લેકર આયે હૈં સ્કાયડાઈવિંગ કરવાને કે લિયે ઓસ્ટ્રેલિયા કે અંદર. પિછલી બાર ૧૫,૦૦૦ ફીટ સે કરવાયી થી, અબકી બાર ૧૮,૦૦૦ ફીટ સે કરવા રહે હૈં." (તો ભાઈ, અત્યારે અમે અમારા દાદાજીને ઓસ્ટ્રેલિયાની અંદર સ્કાયડાઈવિંગ કરાવવા માટે લઈને આવ્યા છીએ. ગયા વખતે ૧૫,૦૦૦ ફૂટથી કરાવી હતી, આ વખતે ૧૮,૦૦૦ ફૂટથી કરાવી રહ્યા છીએ, એ પણ ઓસ્ટ્રેલિયામાં.)

એરક્રાફ્ટમાં સવાર થતાંની થોડી ક્ષણો પહેલાં અંકિત તેના દાદાને મજાકમાં પૂછે છે, "બાબા ડરતા તો નહીં?" એક પણ ક્ષણ ગુમાવ્યા વિના વૃદ્ધ વ્યક્તિ હસીને જવાબ આપે છે, "ડરતા કૌન હૈ મૈં?" ("કોણ ડરે છે? હું?"). આ આત્મવિશ્વાસપૂર્ણ જવાબ ઝડપથી આ વાયરલ ક્લિપની સૌથી શાનદાર ક્ષણ બની ગયો.

ઉત્સાહ ત્યાં જ સમાપ્ત ન થયો. ફ્રીફોલ દરમિયાન દાદાજીને ઉત્સાહપૂર્વક "જય હિંદ! જય ભારત! જય હરિયાણા!"ના નારા લગાવતા સાંભળી શકાય છે, જે આ સાહસમાં દેશભક્તિ અને આનંદનો જુસ્સો વધારે છે.

## પુણે હત્યા કેસ : પોલીસે લોહગઢ કિલ્લા પર ઘટના રિક્રિએટ કરાવી

**પોલીસે** કેતનને કેવી રીતે ધક્કો માર્યો તે દર્શાવવા સીમા ગોયલ પાસે ડમી બોડીને ધક્કો મરાવાયો



પુણે, તા. ૨૮ (પીટીઆઈ) પોલીસે રવિવારે પુણેના બિલ્ડર અને મંગેતર કેતન અગ્રવાલની કથિત હત્યાની આરોપી સિયા ગોયલને ક્રાઈમ સીનની પુનઃરચના કરવા માટે લોહગઢ કિલ્લા પર લઈ ગઈ હતી, જેમાં તેમને નીચે ધકેલીને મોતને ઘાટ ઉતારવાની ક્ષણને ફરીથી જીવંત કરવા માટે એક ડમીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ કવાયતનો ઉદ્દેશ્ય ૧૮ જૂનની ઘટનાની ચોક્કસ કડીઓ સ્થાપિત કરવાનો હતો, જ્યારે ૨૫ વર્ષીય પીડિતની કથિત રીતે 20 વર્ષીય ગોયલ અને તેના 22 વર્ષીય 'પ્રેમી' ચેતન ચૌધરી દ્વારા હત્યા કરવામાં આવી હતી.

પુણે ગ્રામીણ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "આજે સવારે ક્રાઈમ સીનની પુનઃરચના કરવામાં આવી હતી. આરોપીને વાસ્તવિક સ્થળ પર લઈ જવામાં આવી હતી જ્યાં આ ઘટના બની હતી,"

અધિકારીએ જણાવ્યું કે, એક ડમી બોડી (માનવ જેવું પૂતળું) બનાવવામાં આવી હતી અને પોલીસ અધિકારીઓએ ગોયલને પ્રદર્શન કરવા કહ્યું કે તેણે કેતનને તે જગ્યાએથી કેવી રીતે ધક્કો માર્યો હતો. તેણીએ ગુનાના સ્થળે પહોંચવા માટે લીધેલો રસ્તો પણ બતાવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, આવી જ પુનઃરચના માટે ચૌધરીને અલગથી કિલ્લા પર લઈ જવામાં આવશે.

## સિયા અને ચેતને ગુગલ પર હત્યાની રીતો સર્ચ કરી હતી

**કેતનને** માર્યા પછી પકડાઇ જાય તો પોલીસને શું જવાબ આપવા તેની પણ બંનેએ તૈયારી કરી રાખી હતી!

પુણે, તા. ૨૮: મહારાષ્ટ્રના પુણે નજીક આવેલા લોહગઢ કિલ્લા પર પોતાના મંગેતર કેતન અગ્રવાલની કથિત રીતે હત્યા કરનાર સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીએ હત્યા કરતા પહેલા ગુગલ પર તેને મારવાની રીતો સર્ચ કરી હતી, તેવો ખુલાસો તપાસમાં થયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગુનાને અંજામ આપતા પહેલા સિયા અને ચેતન હત્યાનું રિહર્સલ કરવા માટે એકલા કિલ્લા પર ગયા હતા. જો તેઓ પોલીસના હાથે પકડાઈ જાય, તો પોલીસને શું જવાબો આપવા તેની પણ બંનેએ તૈયારી અને પ્રેક્ટિસ કરી રાખી હતી. તપાસમાં વધુમાં બહાર આવ્યું છે કે, હત્યાના બંને આરોપીઓએ શંકાથી બચવા માટે હત્યા દરમિયાન વેશપલટો કરવાનું પણ આયોજન કર્યું હતું.

### અગાઉ એક પ્રયાસ નિષ્ફળ ગયો: પ્લાન C પણ તૈયાર હતો

૧૪ જૂનના રોજ, સિયા કેતનને કિલ્લા પર લઈ ગઈ હતી, જ્યાં તેણીએ તેને ધક્કો માર્યો હતો, પરંતુ તે ભેખડ પરના એક ઝાડવાને પકડીને બચી ગયો હતો. આ ઘટના પર પડદો પાડવા માટે, સિયાએ સાપ જોયો હોવાની બૂમો પાડીને ધ્યાન ભટકાવ્યું હતું અને પછી તેને ગળે લગાડી લીધો હતો. ત્યારબાદ સિયાએ કેતનને ફરીથી કિલ્લા પર જવા માટે મનાવ્યો, પરંતુ આ વખતે તેણીએ તેના પ્રેમીને પણ ત્યાં બોલાવી લીધો હતો, જ્યાં બંનેએ કથિત રીતે કેતનને પાછળથી ખીણમાં ધકેલી દીધો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. કેસ ફાઈલો પરથી જાણવા મળ્યું છે કે, જો આયોજિત ગુનો નિષ્ફળ જાય તો બંનેએ "પ્લાન C" પણ તૈયાર રાખ્યો હતો.

## કર્ણાટકમાં સાથે મરવા કારમાં બોમ્બ બ્લાસ્ટ કર્યો, યુવતી કૂદી ગઇ, યુવકનું મોત

**મરનાર** શખ્સ કથિત રીતે યુવતીને અપહરણ કરીને લાવ્યો હતો, પણ સમયસૂચકતાથી યુવતી બચી ગઇ





તુમકુરુ, તા. 28: એક સંબંધ જે કથિત રીતે કડવાશથી ભરાઈ ગયો હતો તેનો કર્ણાટકના તુમકુરુ જિલ્લામાં એક વ્યસ્ત હાઇવે પર એક ભયાનક અગ્નિકાંડ સાથે ભયંકર અંત આવ્યો છે. અહીં એક કથિત અપહરણનો આરોપી ચાલુ કારમાં થયેલા જોરદાર બ્લાસ્ટને કારણે જીવતા જ ભડથું થઈ ગયો હતો, જ્યારે તે જ કારમાંથી કથિત રીતે અપહરણ કરાયેલી યુવતી થોડી જ ક્ષણો પહેલાં ચાલુ કારમાંથી કૂદીને બચી ગઈ હતી.

આ ઘટના શનિવારે સિરા તાલુકાના જોગીહલ્લી પાસે બની હતી, જ્યારે નેશનલ હાઈવે-48 પરથી પસાર થઈ રહેલી એક કારમાં અચાનક વિસ્ફોટ થયો અને તે આગની લપેટમાં આવી ગઈ. આ બ્લાસ્ટમાં 30 વર્ષીય નાગેન્દ્રનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે યુવતી અને કેબ-ડ્રાઇવર પ્રવીણ ઘાયલ થતાં તેમને સારવાર માટે તુમકુરુ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, નાગેન્દ્ર અને યુવતી (જે બેંગલુરુમાં ઓટી ટેક્નિશિયન તરીકે કામ કરે છે) અગાઉ સંબંધમાં હતા પરંતુ તાજેતરમાં જ અલગ થઈ ગયા હતા. તપાસકર્તાઓએ જણાવ્યું કે, અંગત મતભેદોને કારણે યુવતીએ નાગેન્દ્રનો ફોન નંબર બ્લોક કરી દીધો હતો.

## યુક્રેનના ડ્રોન હુમલાથી રશિયાની મુખ્ય તેલ રિફાઈનરીમાં આગ લાગી

**યુક્રેનના** હુમલાથી રશિયન બળતણ પુરવઠા અને સૈન્ય ડિલિવરી અવરોધાઇ

કીવ, તા. ૨૮ (એપી) યુક્રેને રશિયા પર તેનો ભારે ડ્રોન હુમલો ચાલુ રાખ્યો હતો, જેના કારણે દક્ષિણમાં આવેલી એક મોટી ઓઈલ રિફાઈનરીમાં આગ લાગી હતી અને ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયાં હતાં. એમ રશિયન સત્તાવાળાઓએ રવિવારે જણાવ્યું હતું.

યુક્રેને તાજેતરના મહિનાઓમાં રશિયન સૈન્ય ઉદ્યોગો અને ઊર્જા સુવિધાઓ પર તેના લાંબા અંતરના હુમલાઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે, જેનો ઉદ્દેશ્ય તેના યુદ્ધ – જે હવે તેના પાંચમા વર્ષમાં છે – માટે મોસ્કોની આવકમાં ઘટાડો કરવાનો અને રશિયનોને તેના પરિણામોનો અહેસાસ કરાવવાનો છે. આ અભિયાને રશિયન બળતણ પુરવઠા અને સૈન્ય ડિલિવરીને અવરોધિત કરી દીધી છે. પશ્ચિમી વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, તેણે યુદ્ધના મેદાનમાં મોસ્કોના પ્રયાસોને પણ ધીમા કરી દીધા છે, જેનાથી ક્રેમલિન પર વાટાઘાટોના ટેબલ પર આવવા માટે ભારે દબાણ વધ્યું છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ રવિવારે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર લખ્યું હતું, "અમારા 'લાંબા અંતરના હુમલાએ રશિયાની બે ઓઈલ રિફાઈનરીઓને નિશાન બનાવી છે." "દરેક હુમલાનો અર્થ એ છે કે રશિયન યુદ્ધ મશીનને બળતણ પૂરું પાડતા સંસાધનોમાં ઘટાડો અને શાંતિ તરફ વધુ એક પગલું." ગવર્નર વેનિયામિન કોન્દ્રાત્યેવના જણાવ્યા અનુસાર, કબજા હેઠળના ક્રિમીઆની પૂર્વમાં આવેલ રશિયાના ક્રાસ્નોદર ક્ષેત્રના એક શહેર, સ્લાવ્યાન્સ્ક-ના-કુબાની સ્થિત રિફાઈનરી પર તોડી પાડવામાં આવેલા યુક્રેનિયન ડ્રોનના કાટમાળના કારણે આગ ફાટી નીકળી હતી.

VCCI EXPO 2026
12th MEGA INDUSTRIAL EXHIBITION
24th - 27th DECEMBER, 2026
Navlakhi Ground, Vadodara, Gujarat
WHERE INNOVATION MEETS OPPORTUNITY
India's Premier Platform for MSMEs, Manufacturing & Industrial Growth
700+ curated exhibitors across diverse industries
2 Lakh+ targeted business visitors
100+ innovation-driven vendors connect
9 Lakh sq. ft. dedicated expo area
Exclusive B2B networking sessions
Who Should Exhibit?
Manufacturing Industries
Engineering Companies
Automation & Robotics
Logistics & Warehousing
Electrical & Electronics
Machinary & Machine Tools
Industrial Safety
Renewable Energy
Plastic & Rubber
Packaging
Startups & MSMEs
Instrumentation
BOOK YOUR STALL TODAY
+91 98795 55512
74338 88113 / 114
info@vcciexpo.org
www.vcciexpo.org
Organized by
VCCI VADODARA CHAMBER OF COMMERCE & INDUSTRY
PAVILION SPONSOR
elmex
MATRIX TELECOM | SECURITY
KEI Wires & Cables
NIMIT ELECTRONICS & EQUIPMENTS